## સંક્ષિપ્ત સમાચાર

### સિંગવડ ખાતે રક્તપિત જન- જાગૃતિ- અભિયાન અંતર્ગત ભવાઈ પ્રોગ્રામ યોજાયો



**સિંગવડ :** સિંગવડ તાલુકાના સિંગવડ નગર ખાતે આજ રોજ તારીખ 31 જાન્યુઆરી 2025 ના રોજ સ્પર્શ રક્તપિત જન જાગૃતિ અભિયાન અંતર્ગત સીંગવડ તાલુકા ખાતે રક્તપિત રોગ વિશે લોકો માં જાગૃતિ આવે તે હેતુ સર ભવાઈ  કાર્યક્રમ યોજવામાં આવ્યો આ અંગે નું માર્ગદર્શન અપાયું હતું. જય બ્રહ્માંની ભવાઈ કલા મંડળ રક્તપિત રોગના ચિન્હો, તેમજ રક્તપિત રોગ કોઈ પણ તબ્બકે મટી શકાય છે.

### બોર્ડના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર "તૈયારી જીત કી"



**દાહોદ :** ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ જિલ્લા શાખાની યુવાપાંખ જુનિયર રેડ ક્રોસ અને લાયન્સ ક્લબ ઓફ દાહોદ સીટી ના સંયુક્ત ઉપક્રમે બોર્ડના વિદ્યાર્થીઓ માટે મોટીવેશનલ સેમિનાર "તૈયારી જીત કી" આયોજન 31/1/ 2005 ને શુક્રવારના રોજ સવારે 11:30 થી 2 કલાક સુધી રેડ ક્રોસ ભવન ખાતે ઇન્ટરનેશનલ મોટીવેશનલ સ્પીકર યોગેશ પોટા સર ની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યો હતો.

### સરકારી પોલીટેકનિક દાહોદ ખાતે રક્તદાન શિબિર યોજાઈ




**દાહોદ :** શહીદ દિન અને મહાત્મા ગાંધીજી ના નિર્વાણ દિન નિમિત્તે સરકારી પોલીટેકનીક દાહોદ ખાતે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદના સહયોગ દ્વારા રક્તદાન શિબિર યોજવામાં આવી રક્તદાન શિબિર પહેલા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને રુધિરજૂથ રક્ત અને રક્તદાન ના ફાયદા વિશે વિસ્તૃત મોટીવેશન લેક્ચર રેડક્રોસ ખજાનચી એ આપ્યું હતું શિબિર અને લેક્ચર નું આયોજન પોલિટેકનિકના લેક્ચર અને એનએસએસ ના પ્રોગ્રામ દ્વારા કરાયું હતું.

### કાલોલ પોલીસે તેરા તુજકો અર્પણ અંતર્ગત ફ્રોડનો ભોગ બનનારને રકમ પરત કરી




**કાલોલ :** તેરા તુજકો અર્પણ અંતર્ગત ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સાયબર ફ્રોડ સબંધી ગુન્હાઓ બનતાં અટકાવવા અને બનેલા વણશોધાયેલ સાયબર ફ્રોડ નાં ગુન્હાઓ ડીટેક્ટ કરવા સારૂ જરૂરી સુચનાઓ આપેલ હોય જે આધારે કાલોલ પોલીસ સ્ટેશન માં ૧૭/૧૦/૨૦૨૪ નાં રોજ અનડીટેકટ સાયબર ફ્રોડ નો ગુન્હો દાખલ થયેલ હોય જે સાયબર ફ્રોડ નાં વણશોધાયેલ ગુન્હા ને શોધી કાઢી આરોપી પકડી પાડી ગુન્હો ડીટેકટ કરવામાં આવેલું હતું.

**સંજેલી તાલુકામાં પ્રેમ સબંધની અદાવતે 15 જેટલા લોકોએ મહિલાને દંડા વડે માર માર્યો હતો**

# અર્ધનગ્ન મહિલાનો વરઘોડો કાઢવાના કેસમાં 12 આરોપીઓની ધરપકડ

**ઘટના** સ્થળે પહોંચી જઈ વિસ્તારમાં કોમ્બીંગ હાથ ધર્યુ હતું

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં ચકચાર મચાવી મુકનાર ઘટનામાં એક મહિલાને પ્રેમ સંબંધમાં મહિલાને અર્ધનગ્ન કરી આખા ગામમાં મહિલાનો અર્ધ નગ્ન હાલતમાં વરઘોડો કાઢતાં સમગ્ર જિલ્લામાં ભારે સ્તબ્ધતા સાથે ચકચાર મચાવી મુકી હતી ત્યારે તાત્કાલિક ધોરણે દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ ૧૫ આરોપીઓ પૈકી પોલીસે મહિલા સહિત ૧૨ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યાં હતાં. આ ૧૫ આરોપીઓ પૈકી ૪ બાળ કિશોરનો પણ સમાવેશ થાય છે. હાલ અન્ય ત્રણ આરોપીઓને પકડી પાડવા માટે પોલીસે ચક્રોગતિમાન પણ કર્યા છે.



ઉપરોક્ત તસવીરમાં ઝડપાયેલા આરોપીઓ દ્રશ્યમાન થાય છે

ગત તા.૨૮મી જાન્યુઆરીના રોજ સંજેલી તાલુકામાં એક પરણિત મહિલાને અન્ય પુરૂષ સાથેના પ્રેમ સંબંધ હોઈ ગામમાં રહેતાં મહિલા સહિત ૧૫ ઈસમો દ્વારા મહિલાને દંડા વડે તેમજ ગડદાપાટ્ટુનો માર માર્યા બાદ મહિલાને અર્ધ નગ્ન કરી નાંખી હતી. મહિલાને અર્ધ નગ્ન કરી મોટરસાઈકલની પાછળ સાંકળ બાંધી અને તેજ સાંકળ મહિલાના હાથમાં બાંધી સમગ્ર ગામમાં મહિલાનો અર્ધ નગ્ન હાલતમાં વરઘોડો કાઢવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વિડીયો આરોપીઓ પૈકી કેટલાંક આરોપીઓએ પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લીધો હતો અને જોતજોતામાં આ ઘટનાનો સમગ્ર વિડીયો સોશીયલ મીડીયામાં વાઈરલ થઈ જતાં સમગ્ર દાહોદ જિલ્લામાં આ ધ્રૃણાસ્પદ ઘટનાને પગલે ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ દાહોદ જિલ્લા પોલીસ વડાને થતાં દાહોદ જિલ્લા પોલીસ વડા દ્વારા આ મામલે તાત્કાલિક તપાસના આદેશો સાથે આરોપીઓના ધરપકડના આદેશો કરાતા પોલીસ કાફલા દ્વારા ઘટના સ્થળે પહોંચી જઈ વિસ્તારમાં કોમ્બીંગ હાથ ધર્યુ હતું.

## હાલોલ- વડોદરા હાઈવે પર અકસ્માતમાં બાઈક ચાલકનું મોત



(પ્રતિનિધિ) હાલોલ, તા.31

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ બાસ્કા ગામ નજીક સર્વોત્તમ હોટેલ પાસે હાઈવે રોડ ઉપર બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક સવારનું ઘટના સ્થળ ઉપર જ કમ કમાટી ભર્યુ મોત નીપજ્યું હતું.

મળતી વિગતો મુજબ સાવલી તાલુકાના ઠાકોરભાઈ અંબાલાલ પાટણવાડીયા રહે.સાવલી ઉ.વ 45 આજરોજ બપોરે બાસ્કા ગામે સાવલી થી પોતાના સંબંધીના ઘરે ખબર અંતર જોવા માટે આવતા હતા. તે સમયે વડોદરા હાઈવે રોડ ઉપર આવેલ હોટલ સર્વોત્તમ પાસે વડોદરા થી લુણાવાડા જઈ રહેલી એસટી બસનાં ચાલકે બાઈક ચાલકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળ ઉપર જ કમ કમિટી ભર્યું મોત નીપજ્યું હતું .આ સમગ્ર ઘટનાની જાણ હાલોલ રૂરલ પોલીસને થતા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળ ઉપર પહોંચી લાશને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પીએમ રૂમમાં મૂકી બસ ચાલક સામે ગુનો નથી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# કંજરી ગામના 32 વર્ષીય યુવકની હત્યા કરનાર આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) હાલોલ, તા.31

હાલોલ તાલુકાના કંજરી ગામ હોટલ સંકલ્પ પાછળ આવેલા ખેતર તરફ જવાના રસ્તે ગઈકાલે બુધવારે સવારે 11:15 વાગ્યાના સુમારે કંજરી ગામે તળાવ ફળિયામાં રહેતા 32 વર્ષીય લાલાભાઇ નાનજીભાઈ નાયકને એક અજાણ્યો યુવક માથામાં પથ્થરનો જીવલેણ ઘા મારી લાલાભાઈની કરપીણ હત્યા કરી ત્યાંથી ફરાર થઈ ગયો હતો જેમાં લાલાભાઇ તેમજ તેઓની બીજીવારની પત્ની મંજુલાબેન લાકડા વીણવા જઈ રહ્યા હતા તે દરમિયાન તે અજાણ્યો યુવક રસ્તામાં સુઈ રહ્યો હોઈ લાલાભાઈએ મદદ કરવાની ભાવનાથી તે અજાણ્યા યુવકને ઉઠાડી તેનો મોબાઈલમાં વિડીયો લઈ તેની પૂછપરછ કરી તેને યોગ્ય સરનામે પહોંચાડવા માટે તેની મદદના બહાને તેની સાથે વાતચીત કરી હતી જેમાં ઉશ્કેરાયેલા અજાણ્યા આ યુવકે કોઈક કારણોસર એકાએક લાલાભાઈને જમીન પર ધક્કો મારી પાડી દઈ તેઓના માથાના ભાગે જોરદાર પથ્થરનો જીવલેણ ઘા કરી લાલાભાઈની કરપીણ હત્યા કરી ફરાર થઈ ગયો હતો જેમાં બનાવની જાણ થતા હાલોલ રૂરલ પોલીસ ઘટના દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી અજાણ્યા હત્યાના આરોપી યુવકને શોધી ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા હતા જેમાં જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીની સુચના અને માર્ગદર્શન હેઠળ હાલોલ રૂરલ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એ.જાડેજા સહિત રૂરલ પોલીસની સર્વેલન્સ સ્કોર્ડની ટીમ સહિતની ટીમે અજાણ્યા હત્યારા યુવકને શોધવામાં જોડાઈ હતી.



ઉપરોક્ત તસવીરમાં ઝડપાયેલા આરોપીઓ દ્રશ્યમાન થાય છે

## સાદરા ગામે યુવકને અન્ય મહિલા સાથે પ્રેમ સંબંધે હત્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના સાદરા ગામે એક યુવકને અન્ય મહિલા સાથે પ્રેમ સંબંધ હોઈ પરંતુ આ પ્રેમ સંબંધ મહિલા રાખવા માંગતી ન હોવાને કારણે મહિલા પોતાના અન્ય એક સાગરીતની મદદથી યુવકને મોતને ઘાટ ઉતારી મૃતદેહને રસ્તાની બાજુમાં ફેંકી દઈ પુરાવાનો નાશ કરતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ધાનપુરના પીપેરો ગામે બારીઆ ફળિયામાં રહેતાં રાજેશભાઈ માનસિંહ બારીઆને ગામમાં રહેતી મનીષાબેન સબુરભાઈ બારીઆ સાથે પ્રેમ સંબંધ હતો પરંતુ આ પ્રેમ સંબંધ મનીષાબેન રાખવા માંગતા ન હોવાને કારણે મનીષાબેને પોતાના ગામમાં રહેતાં રાજુભાઈ ગોબરભાઈ ગણાવાની મદદ લઈ રાજેશભાઈને કોઈપણ રીતે મોતને ઘાટ ઉતારી દીધાં હતાં અને રાજેશભાઈના મૃતદેહને દેવગઢ બારીઆના સાદરા ગામે સેવનીયાથી નગવાવ ગામ તરફ જતા રસ્તાની બાજુમાં ફેંકી દઈ પુરાવાનો નાશ કરતાં આ સંબંધે મૃતક રાજેશભાઈની પત્નિ ધોળીબેન રાજેશભાઈ બારીઆએ ઉપરોક્ત મહિલા તેમજ તેના સાગરીત વિરૂધ્ધ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સાદરા ગામે એક યુવકને અન્ય મહિલા સાથે પ્રેમ સંબંધ હોઈ પરંતુ આ પ્રેમ સંબંધ મહિલા રાખવા માંગતી ન હોવાને કારણે મહિલા પોતાના અન્ય એક સાગરીતની મદદથી યુવકને મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ પ્રેમ સંબંધ મનીષાબેન રાખવા માંગતા ન હોવાને કારણે મનીષાબેને પોતાના ગામમાં રહેતાં રાજુભાઈ ગોબરભાઈ ગણાવાની મદદ લઈ રાજેશભાઈને કોઈપણ રીતે મોતને ઘાટ ઉતારી દીધાં હતાં

## કરમેલ ગામે તથા ડુગરા ગામે રૂા.35,000ની મોટરોની ચોરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કરમેલ ગામે તથા ડુગરા ગામે એકસાથે પાંચ ખેતરમાં આવેલ કુવામાંથી પાંચ પાણી ખેંચવાની મોટરો કિંમત રૂા.૩૫,૦૦૦ની કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૭મી જાન્યુઆરીના રોજ ફતેપુરાના કરમેલ ગામે દૈડા ફળિયામાં રહેતાં દિલીપભાઈ વેસ્તાભાઈ પારગી અને પાસેના ગામ ડુગરા ગામ મળી પાંચ વ્યક્તિઓના ખેતરમાં આવેલ કુવામાં લગાવવામાં આવેલ પાણી ખેંચવાની સબમર્સીબલ મોટરો નંગ.૫ જેની કિંમત રૂા.૩૫,૦૦૦ની કોઈ ચોર ઈસમો ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંદે દિલીપભાઈ વેસ્તાભાઈ પારગીએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરામાં શંકાસ્પદ ખાદ્ય તેલના જથ્થા સાથે આઈસર ગાડી કબજે

**આઈસર** ગાડીમાંથી ૪૦૦ ડબ્બા ખાદ્ય તેલના કબજે કર્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ જિલ્લાના ફતેપુરા નગરમાં મામલતદારની ટીમ દ્વારા શંકાસ્પદ ખાદ્ય તેલના જથ્થા સાથે આઈસર ગાડી કબજે કરી ખાદ્ય તેલના નમુનાઓ લઈ પૃથ્થકરણ માટે મોકલી આપવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ફતેપુરાના મામલતદારને મળેલ બાતમીના આધારે ગતરોજ ફતેપુરાના બલૈયા ચોકડી પર એક વેપારીને ત્યાં શંકાસ્પદ ખાદ્ય તેલના ભરેલ આઈસર ગાડીની પોલીસે અટકાયત કરી હતી. આ ખાદ્ય તેલનો જથ્થો બાલાસિનોરથી ફતેપુરા આ ખાદ્ય તેલનો જથ્થો નાંખવામાં આવતો હતો. મામલતદારની ટીમ દ્વારા સ્થળ પર આઈસર ગાડીમાંથી ૪૦૦ ડબ્બા ખાદ્ય તેલના કબજે કર્યા હતા. આ ખાદ્ય તેલ સોયાબીન ઓઈલના માર્કાવાળો જથ્થો છે. મામલતદારની ટીમે આ ખાદ્ય તેલના નમુનાઓ લઈ તપાસ માટે પૃથ્થકરણ માટે મોકલી આપ્યા છે.



તસવીરમાં આઈસર ગાડીમાં ઝડપાયેલા તેલના ડબ્બા નજરે પડે છે

## અડાદરા ગામમાં ગંદકીનું સામ્રાજ્ય રોડ ઉપર ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ જેના કારણે રાહદારીઓ પરેશાન



કાલોલ તાલુકાના અડાદરા ગામમાં ગંદકીનું સામ્રાજ્ય રોડ ઉપર ગંદકી ના કારણે ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ જેના કારણે રાહદારીઓ હેરાન પરેશાન અડાદરા ગામમાં પંચાયત પાસે આવેલ મુખ્ય માર્ગ પાસે ખુબજ ભયંકર ગંદકી ના કારણે આ માર્ગ ઉપરથી ગામના તેમજ આજુબાજુ ગામના નાગરિકો તેમજ શાળા ના બાળકો ને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે અને આ મુખ્ય માર્ગ ઉપર થી અનેક નાના મોટા પ્રકારના વાહનો પસાર થઈ રહયા છે આ માર્ગ મુખ્ય હોય આજુ બાજુના ગામો જેવા કે ફણસી પરૂના આથમના ઘુસર મુવાડી તેમજ અનેક ગામોના નાગરિકો આ મુખ્ય રોડ ઉપરથી પસાર થતા હોય છે.

## સિંગવડના ભુતખેડી ગામે મનરેગા યોજનામાં મોટા પાયે ભ્રષ્ટાચાર

(પ્રતિનિધિ) સિંગવડ, તા.31

સિંગવડ તાલુકાના ભુતખેડી ગામે મનરેગા યોજનામાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોય તેની તપાસ કરવા તાલુકા વિકાસ અધિકારીને અરજી આપવામાં આપવામાં આવી હતી. સિંગવડ તાલુકાના ભુતખેડી ગામે મનરેગા યોજનામાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાની ગામના માલ નરેશભાઈ ધીરાભાઈ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને અરજી આપવામાં આવી હતી અરજીમાં ભુતખેડી ગામ મા ચેક ડેમો સ્ટોન બંધ  બ્લોક પ્લાન્ટેશન ગ્રેન્ડ લેવલિંગ વગેરે કામો ના વર્ક ઓર્ડર નીકાળીને આ કામો 2022.23 માં થયેલા ના રૂપિયા બારોબાર લઈ લેવામાં આવેલ હોય જ્યારે આ કામોની જાણ જે તે સર્વે વાળા નાગરિક ને થતા અને સ્થળ તપાસ કરતા તે જ સર્વે નંબરમાં એક પણ કામો નહીં થયેલા જણાયા હતા.

# દાહોદના દેસાઈવાડ નજીક સલૂનની દુકાનમાં બાકોરુ પાડી દુકાનમાં ચોરી

**તસ્કરો** રૂા.૪૦ હજારની રોકડ રકમની ચોરી કરી લઈ નાસી ગયાં

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ શહેરના દેસાઈવાડ નજીક એમજી રોડ પર આવેલી એક સલૂનની દુકાનમાં તસ્કરોએ બાકોરુ પાડી દુકાનમાં ચોરીને અંજામ આપ્યો હોવાનું જાણવા મળે છે. આ ચોરીમાં તસ્કરો રૂા.૪૦ હજારની રોકડ રકમની ચોરી કરી લઈ નાસી ગયાં હોવાનું કહેવાઈ રહ્યું છે. દાહોદ એ ડિવિઝન પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

દાહોદ શહેરના દેસાઈવાડ નજીક એમજી રોડ પર આવેલી આઈ નોકસ નામની સલુની દુકાનમાં ગતરોજ રાત્રીના સમયે કોઈ અજાણયા ચોર ઈસમોએ દુકાનની પાછળ દિવાળમાં બાકોરુ કરી દુકાનમાં પ્રવેશ કર્યો હતો અને દુકાનના ગલ્લામાં મૂકી રાખેલ રોકડા રૂપીયા ૪૦૦૦૦ ની આસપાસની રોકડ રકમ લઈ ફરાર થઈ ગયાં હતાં. મળતી માહિતી અનુસાર, દુકાન માલિક રજનીકાંતભાઈ ભાટીયા જે ગઈકાલે સવારે દરરોજની જેમ રાબેતા મુજબ પોતાની દુકાન ખોલી સાંજના ૭ વાગ્યે દુકાન બંધ કરી લગ્ન પ્રસંગમાં ગયા હતા. જમી પરવારી પરત દુકાન પર આવી વેપાર કરી દુકાન બંધ કરી ઘરે જતા રહ્યા હતા. ત્યારે આજે વહેલી સવારે દુકાન ખોલતા દુકાનનું સર સામાન વખેરેલું જોતા દુકાનમાં તપાસ કરતા દુકાનની પાછળ બાકોરુ જોતા તેમને દુકાનમાં ચોરી થઈ હોવાની શંકા ગઈ હતી.

## નાની મંગોઈ ગામે પરણિતાનો સાસરીયાઓના ત્રાસથી આત્મહત્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.31

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના નાની મંગોઈ ગામે એક પરણિતાએ પોતાના સાસરીયાઓના ત્રાસથી વાજ આવી ઘરમાં જોતરી પર સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

દેવગઢ બારીઆના નાની મંગોઈ ગામે ભેસલી ફળિયામાં રહેતાં જયાબેનને તેમના સાસરીપક્ષના અશ્વિનભાઈ અરવિંદભાઈ બારીઆ, અરવિંદભાઈ વાઘાભાઈ બારીઆ અને ગીતાબેન અરવિંદભાઈ બારીઆનાઓએ પરણિતા જયાબેનને અવાર નવાર, નાની મોટી વાતમાં મેણા, ટોણા મારી શારિરીક તેમજ માનસીક ત્રાસ આપતાં હતાં જયાબેનને આપઘાતનું દુષ્પ્રેરણ કરી આપઘાત કરવા મજબુર કરતાં જયાબેને ગત તા.૧૭મી જાન્યુઆરીના રોજ સાડી બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.